## સ્ટેટ મોનીટરીંગ સેલનો ગાંધીનગર જિલ્લામાં સપાટો

# રકનપુરમાં હાઈપ્રોફાઈલ જુગારના અડ્ડા પર સેલનો દરોડો

**૫૦ થી ૧૦૦૦ના પ્લાસ્ટીક કોઈન વડે જુગાર રમાતો હતો : ૨૧ લાખના મુદ્દામાલ સાથે ૯ શકુનીઓ ઝડપાયા : કેટલાક શકુનીઓ બાજી મુકીને ભાગી ગયા**

### બાપ જુગાર રમાડતો, દિકરો આયોજન કરતો

હાઈપ્રોફાઈલ જુગાર ધામ દિલીપ પટેલ અને રમણ ઠાકોર ચલાવતા હતા. દિલીપ પટેલનો દિકરો જિગ્નેશ ગઈ રાત્રે રમવા બેસી ગયો હતો. બાપ જુગાર રમાડે અને જુગાર રમવા જે જે જુગારીઓ આવે તેના વાહનો નજીકના એક ગોપી ફાર્મ આગળ મુકાવડાવી જીગ્નેશ તે જુગારીઓને હર્ષદ અને વિક્રમ નામના સાગરીતોને મળાવી પ્લાસ્ટીકના કોઈન લઈ આપતો હતો ત્યાર બાદ જુગારીઓને એક રિક્ષામાં બેસાડીને જુગારના અડ્ડા પર લઈ જતો હોવાનું જાણવા મળ્યુ છે.

### જુગારધામ પરથી શું શું મળ્યું ?

પત્તાની કેટ-૭ નંગ
પાણીના જગ-૩ નંગ
પ્લાસ્ટીકના કોઈન-૬૬ નંગ
મોબાઈલો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા રકનપુર ગામમાં ખુલ્લેઆમ ધમધમતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર ગઈ રાત્રે સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડતા જિલ્લા પોલીસ બેડામાં સન્નાટો છવાઈ ગયો છે. પોલીસની મીઠી નજર હેઠળ આટલો મોટો જુગારનો અડ્ડો ચાલતો હોવાની પ્રબળ શક્યતાને પગલે ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. દરોડો પાડીને રૂ. ૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જુગાર રમવા માટેના પ્લાસ્ટીકના કોઈન પણ કબ્જે લેવામાં આવ્યા છે. રેઈડ પડતા જ જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. સેલ દ્વારા ૯ જુગારી દબોચી લેવાયા હતા જ્યારે અન્ય ફરાર શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલમાં હસમુખ પટેલની નિયુક્તી બાદ ગાંધીનગર જિલ્લામાં સ્થિત કલોલ તાલુકામાં ચાલતા જુગારના મોટા હાઈ પ્રોફાઈલ અડ્ડા પર રેઈડ પડતા જિલ્લા પોલીસનો વહીવટદારોનો પરસેવો પડી ગયો છે. સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાં સ્થિત રકનપુર ગામના ખરાબામાં ખુલ્લી જગ્યામાં ધમધમતા હાઈપ્રોફાઈલ જુગારધામની માહિતી સ્ટેટ મોનીટરીંગ સેલને મળતા રાત્રે એસઆરપીને સાથે લઈ જઈ રેડ પાડવામાં આવી હતી.

**કોઈન આપતા પકડાયેલા આરોપીઓ**

હર્ષદ નાનજી પટેલ (ઘાટલોડીયા)
વિક્રમ અમૃત પટેલ (દસક્રોઈ અમદાવાદ)
સુનિલ અમૃત પટેલ (વડસર, કલોલ)

**ભાગી ગયેલા આરોપીઓ**

દિલીપ પટેલ (લપકામણ, દસક્રોઈ, અમદાવાદ)
રમણ ઠાકોર (વાસજડા, કલોલ)
તથા અન્ય તપાસમાં નિકળે તે...

પોલીસની રેડ પડતા જ જુગારીઓનું ટોળુ નાસભાગ કરવા લાગ્યુ હતુ અને કેટલાક જુગારીઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલે ૯ શકુનીઓને પ્લાસ્ટીકના કોઈન તથા રોકડ મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. તેમની રોકડ રૂ. ૩,૧૫,૩૦૦ રોકડ તથા મોબાઈલો અને વાહનો મળી કુલ રૂ. ૨૦,૯૭,૫૦૫નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસની મીલીભગત અંગે પણ બારીકાઈથી તપાસ શરૂ કરવામાં આવી છે.

### પકડાયેલા આરોપીઓ

- પુનમભાઈ જે. પટેલ (ગામ-લપકામણ, તા. દસક્રોઈ)
- રમેશ ધર્મેન્દ્ર પરમાર (રહે. મ.નં. ડી-૪૦૪, મોટારા ગામ)
- રણજીત રમેશભાઈ ઠાકોર (રહે. ઠાકોરવાસ બોપલ, અમદાવાદ)
- કીર્તીકુમાર રેવાભાઈ પરમાર (રહે. મ.નં. ૪૬, ધરતીપાર્ક સોસાયટી, મહેસાણા)
- પ્રકાશકુમાર કનૈયાલાલ પ્રજાપતિ (રહે. મ.નં. ૩૦૧, ફર્ચ્યુન સોસાયટી, કલોલ)
- સદ્દામ રહીમભાઈ અજમેરી (રહે. ગામ જોટાણા, તા. જોટાણા, જિ. મહેસાણા)
- મનોજ જગદીશભાઈ વાણંદ (રહે. મ.નં. ૭, બ્લોક નં. ૬૨ ઔડાના મકાનમાં વેજલપુર, અમદાવાદ)
- નટવરભાઈ પટેલ (રહે. સી-૧૦૩, રત્નદીપ ટાવર, ઘાટલોડીયા, અમદાવાદ)
- જીગ્નેશ દિલીપભાઈ પટેલ (રહે. દસક્રોઈ અમદાવાદ)

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પિતાજી... ચૂંટણી બાદ અખીલેષ મુલાયનાં હાલ જોયા પછી... હું સુધરી ગયો છું... કાલથી તમે કહો તેમ કરીશ...!!

## માણસા તાલુકામાં પંચાયતની ચૂંટણી માટે ચાર ઉમેદવારીપત્રો ભરાયા

**બીજા તબક્કાની સામાન્ય ચૂંટણીઓ સાથે જિલ્લામાં ૧૦૭ વોર્ડની પેટા ચૂંટણી પણ યોજાશે**

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લામાં પંચાયતોની બીજા તબક્કાની સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ આજથી જ ઉમેદવારીપત્રો ભરવાનો આરંભ થયો છે. આજે પ્રથમ દિવસે માણસા તાલુકામાં બે ઉમેદવારી પત્રો સરપંચપદ માટે અને બે ઉમેદવારી પત્રો વોર્ડ સભ્યપદ માટે ભરાયા છે.

ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ ૨૩મી માર્ચ છે. ગ્રામ્ય વિસ્તારમાં આ ચૂંટણીને લઈ માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં ૮૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી સાથે ૧૦૭ જેટલી વોર્ડ બેઠકોની પેટાચૂંટણી પણ યોજવામાં આવી રહી છે. કલોલના ૫૩, માણસાના ૨૮ ગામ ઉપરાંત દહેગામના ૭ અને ગાંધીનગરના ૧ ગામમાં સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે.

આ ચૂંટણીની સાથે વોર્ડ સભ્યોની ખાલી પડેલી ૧૦૭ બેઠકોની પેટા ચૂંટણીઓ પણ યોજાઈ રહી હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.



પાટોત્સવ - શનિવાર એટલે હનુમાન દાદાની સાથે સાથે શનિદેવનું પૂજન - અર્ચન કરવાનો મહિમા પરંપરા મુજબ ચાલતો આવ્યો છે... શનિવારે ગાંધીનગરના પાદરે અડાલજ ખાતે શનિદેવનો આજે ૧૦મો પાટોત્સવ ઉજવાયો હતો.... આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને દર્શનનો લાભ લીધો હતો.

## ગુજરાત મેરીટાઈમ બોર્ડની કચેરી ખાતે કર્મચારીઓએ ૭મા પગારપંચ મુદ્દે સૂત્રોચ્ચાર

ગાંધીનગર, તા.૧૮

રાજય સરકારના કર્મચારીઓને સાતમાં પગારપંચનો લાભ સરકાર તરફથી આપી દેવાયો છે. જ્યારે સરકારી સાહસો અને બોર્ડ-નિગમના કર્મચારીઓને હજુ સુધી લાભ મળ્યો નથી. જેને અનુલક્ષી બોર્ડ-નિગમના હજ્જારો કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. આજે ગુજરાત મેરીટાઈમ બોર્ડની વડી કચેરી ખાતે બપોરના રિસેષ સમય દરમિયાન કર્મચારી-અધિકારીઓએ કાળીપટ્ટી ધારણ કરીને સરકાર સમક્ષ સુત્રોચ્ચાર કર્યા હતા.

રાજય સરકાર દ્વારા વર્ષ - ૧૯૮૨ થી ગુજરાત મેરીટાઈમ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. તેમજ ગુજરાત એકટ મુજબ સરકારના કર્મચારીઓની સમકક્ષ પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ છે. આ બોર્ડ તરફથી રાજય સરકારને અંદાજીત એક હજાર કરોડની વાર્ષિક થાય છે તેમજ આ બોર્ડ શરુ થયુ ત્યારથી અત્યાર સુધી નફો કરતુ આવ્યું છે. સરકાર દ્વારા નાગરીકોની સુખાકારી માટેના ઝડપી અમલીકરણ માટે વિવિધ બોર્ડ-નિગમની સ્થાપના કરવામાં આવી છે. મોટાભાગના બોર્ડ-નિગમના અધિકારી-કર્મચારીઓ છઠ્ઠું પગારપંચનો લાભ મેળવી રહ્યા છે. ત્યારે સાતમાં પગારપંચનો લાભ પણ રાજય સરકાર તરફથી ઝડપી મળે તેની ચાતક નજરે કર્મચારીઓ અધિકારીઓ રાહ જોઈને બેઠા છે. પરંતુ સરકાર બેવડી નિતી અપનાવી કર્મચારીઓને અન્યાય કરી રહી છે. જેને પગલે કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે મેરીટાઈમ બોર્ડની કચેરી ખાતે બપોરે રિસેષના સમય દરમિયાન કર્મચારી-અધિકારીઓએ કાળીપટ્ટી ધારણ કરીને સાતમાં પગારપંચ મુદ્દે સુત્રોચ્ચાર કર્યા હતા. આ કાર્યક્રમમાં આસપાસ આવેલ બોર્ડની કચેરીના કર્મચારીઓ પણ મોટીસંખ્યામાં જોડાયા હતા.




## મંગળવારે વસંત સંપાત રાત - દિવસ સરખા

ગાંધીનગર, તા. ૧૮

મંગળવારે અનોખી ખગોળીય ઘટના આકાર લેશે. આ દિવસે રાત અને દિવસ સરખા રહેશે. જેને વસંત સંપાત તરીકે ઓળખવામાં આવે છે.

૨૧મી માર્ચને મંગળવારે રાત-દિવસ સરખા રહેશે. ત્યારબાદ ૨૨મી માર્ચથી દિવસ લંબાતો થશે. રાત-દિવસ સરખા હોય તેને વસંત સંપાત તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જશે જેના કારણે ઉત્તર ગોળાર્ધમાં દિવસની લંબાઈ વધતી જશે. જ્યારે રાત ટૂંકી થતી જશે.

દિવસ લંબાતા લંબાતા ૨૧મી જૂને સૌથી લાંબો દિવસ રહેશે. વસંત સંપાત પછી ભારતમાં ગરમી વધતી જાય છે. ખરો ઉનાળો વસંત સંપાત પછી શરૂ થાય છે. સૂર્યના કિરણો આ દિવસ પછી ભારતીય દ્વિપકલ્પ વિસ્તારમાં સીધા પડતા હોવાથી ઉનાળો આકરો બનતો જશે.

## આજે ઠાકોર ક્ષત્રિય સમાજની આદરજ મોટી ખાતે બેઠક

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકા ઠાકોર ક્ષત્રિય સમાજ દ્વારા ૨૦૧૭ના વર્ષમાં સમૂહલગ્નના આયોજનને લઈ આજે એક મહત્વની બેઠક આદરજ મોટી ખાતે બોલાવવામાં આવી છે. અરવિંદસિંહ સોલંકી, સેંધાજી ઠાકોર દ્વારા બોલાવવામાં આવેલ આ બેઠકમાં ઠાકોર સમાજના આગેવાનો, સહકારી સંસ્થાના હોદ્દદારો, દૂધ મંડળીના ચેરમેનો, વડીલો અને યુવા આગેવાનોને હાજર રહેવા જણાવાયુ છે.

## પાટનગરના આરક્ષિત જંગલોમાં છાશવારે સર્જાતા આગના દ્રશ્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરની વનવિભાગની આરક્ષિત જગ્યામાં છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ સ્થળો પર સુકા પાંદડા સળગી ઉઠવાના બનાવ બને છે. આ પાંદડા કોણ સળગાવે છે તે પણ એક પ્રશ્ન છે. આ આગથી કોઈ અન્ય ચીજવસ્તુઓને પણ નુકશાન પહોંચે તેવી શકયતાઓ રહેલી છે. ત્યારે તંત્ર દ્વારા વનવિભાગની જગ્યામાં પડેલા સુકા પાંદડા સળગાવતા અજાણ્યા ઈસમો સામે કડક કાર્યવાહી કરવાની જરુર છે. ત્યારે શહેરના ફાયર બ્રિગેડને છેલ્લા સપ્તાહમાં દિવસમાં બે વાર પાંદડા સગળી ઉઠવાના ફોન આવે છે.

ગાંધીનગર શહેરના સેકટરોના આંતરીક માર્ગ તેમજ મુખ્ય માર્ગોની આસપાસ આવેલ વનવિભાગની આરક્ષિત જગ્યામાં વિવિધ વૃક્ષોમાંથી પાનખરને પગલે ખરી પડેલા સુંકા પાંદડાનો જથ્થો વિશેષ જોવા મળે છે. આ પાંદડા ઉડીને માર્ગો પર આવતા હોવાથી સફાઈ કર્મચારીઓ વારંવાર સફાઈ કરવી પડે છે. રોજ કોથળા ભરીને પાંદડાનો કચરો મનપાની ગાડીઓમાં લઈ જવાય છે. છતા કેટલાક સફાઈ કર્મચારીઓ તેમજ સેકટરોમાં રહેતા શિક્ષિત પ્રજાજનોમાં કોણ આગચંપી કરે છે તે હજુ સુધી સમજાતું નથી. જાહેરમાં કચરો સળગાવવો એ ગુનો બને છે.તેમ છતા ન સમજતા કર્મચારીઓ કે સેકટરોમાં રહેતા શિક્ષિત પ્રજાજનોમાં કોણ શું કામ સુકા પાંદળામાં આગ લગાડે છે તે સમજાતું નથી. તાજેતરમાં છેલ્લા બે દિવસમાં ગ-૩ પાસે તેમજ ગ-૧, સે-૧૧ પાસે સહિતની કેટલીક જગ્યાઓમાં રાત્રીના સમયે અચાનક આગ ભભુકી ઉઠે છે અને સુકા પાંદડા બળીને રાખ થઈ જાય છે.



ગાંધીનગર ફાયર બ્રિગેડને છેલ્લા સપ્તાહમાં દિવસમાં બે વાર વનવિભાગની જગ્યામાં પાંદડા સગળતા હોવાના કોલ આવે છે.પરંતુ રાત્રીના સમયે લાગતી આગ રોદ્ર સ્વરુપ પણ ધારણ કરી શકે છે. જયારે આગને પગલે કેટલાક શ્રમજીવીઓને સ્થળાંતર પણ કરવું પડે છે. આગને પગલે કોઈને મોટું નુકશાન વેઠવાનો વારો પણ આવી શકે છે ત્યારે રાત્રીના સમયે આગ કેવી રીતે લાગે છે તે તપાસનો વિષય છે પરંતુ જાણી જોઈને કોઈ અજાણ્યા ઈસમો આ કૃત્ય કરતા હોય તો તેમની સામે તંત્ર એ લાલ આંખ કરવાની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે.

## એનએસયુઆઈ કલોલ શહેર પ્રમુખની નિમણુંક રદ કરાઈ

### એનએસયુઆઈ જિલ્લા પ્રમુખ નયન શ્રીમાળી

એનએસયુઆઈના વિવિધ પ્રદેશ તેમજ જિલ્લાના વિવિધ પદ માટે તાજેતરમાં આંતરીક ચુંટણી યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ તરીકે નયન શ્રીમાળીનો ભવ્ય વિજય થયો છે.

ત્યારે એનએસયુઆઈ જિલ્લા પ્રમુખ દ્વારા કોઈપણ વરણી કરવામાં આવી નથી. છતા તાજેતરમાં કલોલ શહેર પ્રમુખ તરીકે રાહુલ દરજી અને એક્ષલ પોલિટેકનીક કોલેજના પ્રમુખ તરીકે દેવાંશુ જોશીની નિમણુંક કરાઈ હોવાના સમાચાર વહેતા થયા હતા. ત્યારે આ બંન્ને નિમણુંક રદ કરી કોઈપણ વ્યકિત બારોબાર પ્રમુખની પરવાનગી લીધા વિના જાણ બહાર આવી નિમણુંક આપશે તો તેની સામે સંગઠનના નિતી નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ સંગઠનમાંથી હકાલપટ્ટી કરવા સુધીના શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે તેમ એનએસયુઆઈના જિલ્લા પ્રમુખ નયન શ્રીમાળીએ જણાવ્યું છે. તે ઉપરાંત તેમણે જણાવ્યું છે કે ટુંક સમયમાં એનએસયુઆઈના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી વર્ધન યાદવ તેમજ નવા ચુંટાયેલા પ્રમુખ મહિપાલ ગઢવી સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ આગામી સમયમાં એનએસયુઆઈના લેટર પેડ પર નિમણુંકો આપવામાં આવશે.



### અમદાવાદ ખાતે વરિષ્ઠ નાગરિકોની શિબિર યોજાઈ

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પેરાલીગલ વૉલન્ટીયર જયરામભાઈ સોની દ્વારા વરિષ્ઠ નાગરિકોની શિબિરને સંબોધન કરતાં જણાવ્યું કે જીવનના સંધ્યાકાળને સલુણી સંધ્યામાં પરિવર્તીત કરીએ. મલાવ તળાવ ગાર્ડન અમદાવાદ ખાતે ૫૦થી વધુ વરિષ્ઠ ભાઈ-બહેનોને વધતી ઉંમરની સમસ્યા, બિમારી, ભોજન, નિયમિતતા, સંભાળ, સરકારી લાભો, કાયદાકીય બાબતો તથા કુદરતી ઉપચારો અંગેની સમજ આપવામાં આવી હતી. નાના બાળ ઉછેરમાં આદર્શ પેરેન્ટીંગ અપનાવવા અને ભાવિ ઉત્તમ નાગરિકો તૈયાર કરવા પ્રેરણા પુરી પાડવામાં આવી હતી. ઉપસ્થિત નાગરિકોએ ઉત્સાહભેર પ્રશ્નોત્તરી કરીને સંતોષકારક સમાપનમાં ફોટોગ્રાફીમાં પોતાની પ્રસન્નતા સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## આજે મુખ્યમંત્રી લખનૌમાં

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ રવિવાર તા.૧૯-૩-૨૦૧૭ના લખનૌમાં બપોરે ૧-૩૦ કલાકે યોજાનારા ઉત્તરપ્રદેશના પદનામિત મુખ્યમંત્રીના શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

ઉત્તરપ્રદેશમાં તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણીઓમાં વિજય બાદ ભારતીય જનતા પાર્ટીના પદનામિત નવનિયુકત મુખ્યમંત્રીની શપથવિધિ લખનૌમાં સ્મૃતિ ઉપવન ખાતે યોજાઈ રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહેવા આવતીકાલે સવારે લખનૌ પહોચશે.

## ઠાકોર-કોળી વિકાસ નિગમના લોન માટેના ફોર્મની મુદત વધારાઈ

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા ઠાકોર કોળી જાતિના બેરોજગારી વ્યક્તિઓને સ્વરોજગારીના હેતુથી નાના વાહન બે લાખ સુધીની યોજનાની ફોર્મ ભરીને આપવાની તા. ૧૫.૩.૨૦૧૭ સુધી હતી તે હવે લંબાવીને ૩૦.૩.૨૦૧૭ કરવામાં આવી છે. આ અંગેની વધુ વિગતો અને ફોર્મ નિગમની વેબસાઈટ ઉપરથી મળશે,

**ટચૂકડી જાહેર ખબર**

**રસોઈયા બહેન**

ગાંધીનગર જીલ્લાના માણસા પહેલા મકાખાડ રેલવે સ્ટેશન પાસે, પ્રતાપનગરમાં રસોઈ માટે બહેન જોઈએ છે. પગાર સાથે રહેવા જમવાની સગવડ સાથે.

સંપર્ક : કે.એલ. દવે
મો. ૯૯૨૪૩ ૫૫૩૫૯

**જોઈએ છે**

સીવીલ એન્જીનીયર્સ

બાયોડેટા સાથે મળવું.
૨૦૩, કલીંગ કોમ્પલેક્ષ, આશ્રમ રોડ, બાટાના શો-રૂમ પાછળ,
ફોન : ૦૭૯-૨૬૫૮૧૨૯૭
મો. : ૯૪૨૬૭ ૬૮૧૯૩